॥ ૐ ॥ ૨૫/૧૧/૨૦૦૭

ગયો ઓગળી અંધકારો,
ભરી ગયો સુખ હુંફ હેકારો.
એક જ વ્યાપ્યો એ આકારે,
ના તો કલરવ કે કેકારો.
આગો પાછે કોઈ નહિ હય,
કોનો મેં, કોનો ભેંકારો!
વક્તા શ્રોતા મૌન ભયા હય,
હરે નમ: નહિ હેં-હેંકારો.
કીધું કારણ્યુ કરો નહીં તો,
એમ જ વ્યાપ્યો જેજેકારો!

રજનીશ શુક્લ...

ત્વદીયં તુભ્યમ્ - પ્રિય દિવ્યાંગભાઈને ...
સાદર સસ્નેહ આત્મભાવે, ર.

આત્માનુભૂતિનાં ઉત્તુંગેથી
કદી નીચે ના ઊતરું,
સર્વમાં મુજને,
મારામાં સર્વને નિરંતર નિહાળું.

સકળ પદારથ જગના
જગમાં જ વિસારું,
આત્માનુભવની ફોરમ
સહજતાથી પ્રસારું.

જીવન સર્વનું સતત
ઉલ્લાસમય હો,
ભાવિને સર્વનું સદા
કલ્યાણ હો.
માધુર્ય જીવનનું
પળપળ પમરાટ હો.
સંગીત જીવનનું
હર કદમ સુસંવાદ હો.

ભાવાંજલિ સર્વને
સદા મંગલ પ્રાપ્ત હો...

16.11.2007

સુસ્વાદ માણું હું
    આ જીંદગી નો,
સસ્મિત ઉજાળું
    હું પળેપળ નો.

હિસાબ ચૂકવું હું
    પ્રત્યેક લેતીનો
ખોઈને ખાઉં શરણ
    હું પ્રત્યેક ઘડીનો.

ના રાવ ખાઉં
    કદી કશાની,
ના નાવ લઉં
    કદા કોઈની.

ના ભીતિ લહે
    કદી સમાપ્ત
જીવું છું લહેરે
    સદા સમર્પિત...

16.11.2007

લહેરે જીંદગી
ખુશી કદમ ચુમતી,
ઝુમતી જીંદગી
હસી આવકાર આપતી...

ના પ્રાપ્તિ ના ખોતી
હિસાબ કર ઘડી
ખુશીઓ રગાડે કે પછી
ડગાડે જવાબદાર હર ઘડી

આમા જરકશી
કે કરબલી કફની,
ના ફરકે લગારે
શોભા ના કદી

મુકતતાની આલબેલ
શણગારતી આ જીંદગી
ભવાંતરની ભવ્યતા
ભભકાવતી આ જીંદગી...

16.11.2007

તનુજ એ શબ્દરત્નો ઝીલ્યા
    ને તો બની એક કવિતા.
ઉપકાર તારો હે શક્તિ,
    અવતરી તડપ કેડવા આ ગૃહે.
સમૃદ્ધિ સંસ્કાર તણાં ઉતારી.
    ઈહ લોકમાં તને પૂજાવું.
દીવા દાંડી, ધનભાગ્ય અમારા
    જગમાતા તું પુત્રી બની.
અસ્તિત્વ તારું કારુણ્યમયી,
    સર્વત્ર સ્નાન સંચારતી.
આનંદ-કિલ્લોલ સભર તારા,
    મુગ્ધ જનની અપાર ફરમાતી.
સમરસ્તે સંયોગમાત્ર
    અપરંપાર સ્નાન પ્રસારતી.
મુક્ત હાસ્ય, અચલ-આંચલ
    નિર્દોષતા શણગારતી
આભાર દિલ થી આ અવતરણનો
    ક્યાં ખૂબ કરી.

18-11-07

ફરી મળશું પ્રેમથી,
કહી કો ઓરડે,
ફેલાયા ફુલશું પાડી
તાળા ને ઠેકારે,
જામશે મિજલસ ખુશીનાં
ઝરણા ને પોકારે,
અફીણી લહેર ના છોળોથી.
હૈયાને વધાવે.

આ પર્વદિવાર છે આનંદનો
આ અવસર અપૂર્વ ~~આન~~ઉલ્લાસનો,
વિદાય વસમી વિસારી ફુંકારનો
ભેટું ભાવથી પ્રસારો ઓમકાર.

૨૮-૧૧-૦૭

ભીતરમાં ભભૂકે પ્રચંડ અભીપ્સા
લેઉં જીવનકાર્યોની સમીક્ષા,
મનક્ષિતિજમાં દમકે કો અભિલાષા
પ્રસારું પ્રસાદ, ઈશ્વરસ્થાન ભેળડાસા.

ચડું ના પગલાં ભરું કદિ પારોઠનાં
નિહાળું પ્રચંડ દીપ લાખો શુભ પ્રજળે
વિસારું ચંડ ગર્વ થકવીય ખળભળે
પુંજ જ્ઞાનલાખો ગેબ દીવો ઝગઝગે
અંતરમન આરસ, સ્વચ્છ લાગણે
ભીતર મન માંહિ પ્રજ્જ્વળ દીવો ગુંજે
ભીતર ઓમકાર બિંદુ નાદ સ્પંદે.

૧૮-૧૧.૦૭

૮

કિંમતે મહીં તો ખુદા એ કીદા
ખિદમતગાર છું અલ્લાએ સર્વદા
રોશન કર હુર જીંદગી, ઓગળજો આપદા
નિમિત્ત છુ સર્વ માં, આચરું હું સદા

નાલાયકને બક્ષ લાયકાત
ગાફલ હું તમારો
અજ્ઞાની ને ગંગા માં ડુબાડજો
છું હમારો
ભિખારીને ભાન માં પુજાવજે
હું તમારો,
ખુદારીને શાન માં સ્થાપજો
ઓમકારો.

સર્જન, વિસર્જન નિરંજન નિરંતર,
ગુમાન ભુલાવ ઉતારો
મુજ અંતર માં,
સ્વભાવ જગાવ ઉગારો
ઇરૂ ભવાંતર માં,

ઉફ્ફ આના નિકલે મુંહ સે હમારે
સાફ કહેદો હમ હમેશાં તુમ્હારે
જુદાઈ કી બાત, તુમ હમારા બિસારે
ફિરમ ફૂલોંકી સુવાસિત પમરાટ પ્રસારે.

બંદગાર પણ ખુદા ના રહેમત
દિવાન ગાવ્યા ઉંચા ઉઠાવત,

માન, અકરામ, બહુમાન સબ તેરા.
શબ્દો કરે લો નિગેહબાન અલ્લા.

૧૫-૧૧-૨૦

ઉત્થાન કરો યા અવતરણ
યા કરો જાગરણ,
ગ્રંથિઓ સર્વે ભેદાય જે
માં કુંડલિની સંચલન.
રોમરોમ પુલકિત થયા જે
હૃદયમાં ઉલ્લાસ પારાવાર
ડંકા બજ્યાં જયઘોષનાં
ભરી સચરાચરમાં ભાણ.
આત્મવત્ સર્વભૂતેષુ
સર્વભૂતાય નમો નમઃ.
પામ્યા દાસ્ય દાડે,
સર્વત્ર વ્યાપ ભગવાન.
નાદબ્રહ્મ સાકાર પૂરે
પરમબ્રહ્મ છે સાક્ષાત
કેવળ એક બધું એનું
એનામાં ઓગળે ભાણ.
આવરપડ્યું. આદર્શ સર્વે
સમાયું એનામાં કે રામ
ધર્મ સર્વે પ્રકાશ પ્રેરિત
મૂળતત્વ નું ભાણ.

ભેદભાવ વ્યવહાર મનમાંજ

મૂળતત્વ આકાશ સમાન.

તું તેજ તત્વરૂપ છો,
જે આપણો બાપ.
પંચતત્વનો માતા-પિતા,
પરમ ચૈતન્ય નામ.
પરા પરમને પ્રસવે,
સોહમ્ શ્વસવે આમ.
ધ્યાને ચઢી, સ્પંદે અહીં,
પ્રસરે તે આમ
દેહમંદિરનાં દેવળ માં
પ્રગટ પરમાત્મા મમ.
મનોભેદે વિચ્છિન્ન, તું
મૂળ માં એકાકાર.
સરનામું તેનું સાર્વત્રિક,
બિંદુ બુંદમાં સાકાર.
પામવું તેહને આધારિત,
કેવળ એક જ ૐકાર.

પરાબ્રહ્મના એક નકલ,
પંચમબ્રહ્મ છે ભજન.
~~પુરાનાદ~~
વિજ્ઞાન બધું સાચું સુંદર જ,
નાદો કેવળ સ-રગમ,
પરાનાદનાં આધાર છે,
પરબ્રહ્મ મારા જણાય.
પરબ્રહ્માય નમઃ જાપ છે,
ભવાંતર કર્મ જલાય.
દિશા-શરણા બુદ્ધ આયલો,
સાધના આમ જ થાય,
બે હાથ મસ્તકે જોડી,
મંતર એજ ઓચરાય.
બેસું સાધનામાં હવે
સંસ્કારો સર્વ કઢાય.
મૂળાધારે છે જગનમાતા,
ભાવ છે ઉપર લઇાય.
સહજ આસન રૂડું ધરું,
નાસિકાગ્ર પર ધ્યાન.

મન-વિચાર છૂટા કરે,
પરબ્રહ્મ સર્વ સંભાળે.
નાભિબિંદુ શોધયરે.
પરબ્રહ્માય નમઃ નામ,
નાસિકાગ્ર ચક્ર વર્ણ બના?
સહસ્ત્રાર માં જાય.

ઇન્દ્રીયો ના ગુલશાનમાં,
સુલેમાન બૂરો ફસાયો.
ખિદમતગાર સુલેમાન સ્વમાનમાં
વિવેકસંકુ ગણાયો.
ચૈતન્યમાં દિદારથી
સુલેમાન ડાહ્યો ગણાયો.
ભાવથી પ્રેમથી, સુલેમાન
સવાયો કેવાયો ગણાયો,
સુલેમાન બહુ ભલો,
ભલા ભક્તિ વિવેક.
ક્યાંય પણ ઉણ નહીં,
રાખ્યા અલ્લાના નેક,
ખુદાતાલા ના રહેમત પર
એને અખૂટ વિવેક
બંદા પરવર સાક્ષારએ.
જુએ સંસાર નેક,
દિમાગ ફરે, ભાવ ફરે.
રહે અચલ જ્યમ સચેત.
જીવન સળંગ એક બંદગી.
દુઆ કબૂલ જ છેક

ઇન્દ્રિયો નો ઝણકાર,
ઇન્દ્રજાળ ગણાય.
જગતજાળે જ્યારે તે
જંજાળ મોહ ગણાય.
જેમનું તેમ પારખો,
જેમ નું તેમ જ સમાય.
ઈશ્વર બધું જ મિથ્યા માની ને
~~મન~~ નિર્વાણસ્થાન ભરાય.
ઈશ્ક સર્વ ઇન્દ્રિયો તણા
અનાવશ્યક અલંકાર,
સાધના સુંદર બને
ભડભડ બળતાં જાય.
નિરહંકારવાન સાધક ને,
સદાય આગળ મોત.
મોત જ મુકામે મોકલે,
પરબ્રહ્મ ગૂઢ ભાંયત
સાયુજ્યતા પામે તો,
વિલય પ્રલય સમાન.
પરબ્રહ્મ સોંસરો નીસરે
તે બ્રહ્માંડ પાર જ થાય

૧૯-૧૧-૨૦૨૧

ઈશ્વર બધું તું ઈશ્વર હો,
રૂડું રૂપ સુક્ષ્મ આપ.
દુઃખ દુર્ભાવ પરહરિ
ઈશ્વરદેરી જ બનાય,
નિરંતર સૌંદર્ય નર સમાય ત્યારે
સૌંદર્ય સાગર બનાય.
પરબ્રહ્મ ને સર્વ સોંપતાં જ
દુર્લભ ગતિ માં જાય
પરમપિતા પરબ્રહ્મ તારો.
રાખતાં રતિભર વિશ્વાસ.
સંસારમાં કે ક્યાંય પણ
નહિ નાં આબરૂ જાય.
સાધક તું પરબ્રહ્મ ભજો,
ઠાકર ઠાકર ને ભજ.
નામ, શાન, સ્થાન તારું સાચવે
દેવ-અધિદેવ પણ માન.

૨૮-૧૧-૨૦૦૭

સંકલ્પે શિવાનાં જન્મ્યો
તું ઇન્દુ લોકમાં
કર્મ-કર્તા ભાવ નિઝરી
તું વિહર મર્ત્યલોકમાં.
રોમાંજને દરિદ્ર કેરવા.
સહુઆત્મ સ્વરૂપ માંય
ભવાંતર ભોરુ સહુજ ભાવધર
આત્મરૂપમાં નાહ્યે.
રાગં રંગમં સમર્પયામિ,
શુદ્ધારૂપમાં આય.
કર્મ કદિ સ્પર્શે નહિ,
નાડિ઼મત ન થાય.
તદ્રૂપ નિરંતર દિગંતરમાં
જ વિચરાય
દ્વૈત સઘળું અદ્વૈતમાં
સંકલ્પો જ સમાય
શુદ્ધ સંકલ્પ એક જ છે.
મૂળમંત્ર કહાય.

/ ૧૧-૧૧-૨૦૦૭

સંકલ્પના જે શિવજી,
પરબ્રહ્મ માં સમાય.
અજ્ઞાન સઘળું ભેગું થયું,
પરબ્રહ્મ માં જમા થાય.

પરબ્રહ્મ સુઘડ કરી,
સર્વ લોકમાં પથરાય.
સંસાર સર્વ શિવ જાણી,
પરબ્રહ્મ ખોવાય.

શિવ હું છે પરબ્રહ્મને
પરબ્રહ્મ થી અજાણ
પંચમબ્રહ્મ એજ પરમબ્રહ્મ
વિજ્ઞાન સઘળું ત્યાગ.

૧૯-૧૧-૨૦૦૭

દૈવત શું છે કે વ્યક્તિની પ્રાપ્તિનો રણકો
સંસાર સોંસરો નીસરી ગયાનો ડણકો
શુદ્ધ એ યા કોમળ ગળિત જ્ઞાનનો રણકો
સર્વ આયામો આગળી ચૂક્યાનો અગ્નિશુદ્ધ
ભડકો

માન - અભિમાન - સામાન સમાન
તીવ્ર શુદ્ધ સમજ્યો
જ્ઞાન - અજ્ઞાન - વિજ્ઞાન અનુમાન
સત્વ શીલ જનમ્યો.
પખાળી પ્રેમગંગાને
જ્ઞાન આચમની ગળચુથી
જનમજુરી, જનમધૂરી,
સર્વ જ્ઞાનધન ગરકી ગયો.

અહંકાર અગમ ગૂંજે,
વિજ્ઞાનધન આતમા ભર્યો.
ભરૂજની ભવ ભાવન
ભમે બ્રહ્માંડ સુરતાલમાં.

કારણાગતકે કાર્ય કારણ શુંભાવ સંગતે
જ્ઞાન ક્રિયાએ કરીને કારણ ખુદ નિર્જરે,

કારણ હતાં કાર્ય કારણ શું કરે
ક્રિયા સાથે કારણ સ્થિતે
કારણ વિનાનો ક્રિયા ક્યાંથી ઠરે

ક્રિયાધાર કારણનું મૂળ
જ્ઞાન ક્રિયા વિનાશે શૂળ

વેદના શમે જેમ જીવ ઠરે
કર્મ શમે આતમા ઠરે.

ઉરશાંતિ ધર્માન્તર કરે
કર્મશાંતિ આતમશાંતિ લહે.

જ્ઞાનક્રિયા થકીજ કર્મશાંતિ
બાકીની સર્વ સાધના ભ્રાંતિ.

૨૦-૧૧-૦૦

ખુદનું સરનામું વિસરી
ભગવાન તું ભૂલો પડ્યો.
ખુદાઈ થી નિસરી ને તું
સંસાર માં છુટો પડ્યો.

ખુદની રચના સંસાર સજી
સંસારમાં ખોવાઈ ગયો.
ખુદાની રહેમત ઉતરે
સરસો સંસારે ભર્યો.

કાળાંતરે મેરુ ઉતરે
સમજદારી સમજી ગયો.

ભવાંતર ના ભાર વિસરી
શબ્દબ્રહ્મ પામી ગયો.
ભવ પારની સાન ગુણી
પરબ્રહ્મ બની ગયો.

૨૦-૧૧-૦૯

મન ચૈતન્ય શિખરમાં
હેલે લાધ્યું જ ડામાડોળ
મૂળ ચેતન અચળ દૃષ્ટિમાં
સર્વ કાંઈ એકજ હોય.

વિશ્વાસ ના શ્વાસ શ્વસે ત્યારે
રહે ના ક્યારેય કોઈ ભો.

રામ શ્વાસ પર વિશ્વાસ
એજ ભાવે સઘળું મન ભાવન.

લઇ અખૂટ અનંત અમાપ
ભલ ભાગે એમ એશ્રીઓ
ભાર બ્રહ્માંડ વહી ગયો.

વિશ્વાસ નો શ્વાસ ઝગમગે
સર્વ ભીતિ ભેદાઈ જાય
ભલે દિશાઓ ધૂળ ચાટે
ચપટી ધૂળ પણ ફવારા બાંધે.

ઝાકડી ફિકર ની ફાકી
જવાંમર્દ ઝઝૂમે ઘણો
રખોપા રામનાં તારે
તું બ્રહ્માંડ તરી ગયો.

૨૦-૧૧-૦૯

પોતાની પરમ જનની
ઐમાંના ની સહચરા
ધવલકીર્તિ સુત તણાં
ધવલકુખો ધારિણી
ધવલ નામે ધવલ
શુધ્ધ જ્ઞાન સમાહિતા.

ધવલકીર્તિ મહાયોગીની સહોદરા
મહાયોગીની નામ મહધ્ધે
પંચમબ્રહ્મ સ્થિત
પંચમબ્રહ્મ હોત
વિજ્ઞાન નિપજતે.

20-11-09

હાસ્ય ફૂટે નાભિ સ્ફૂરે
આનંદ ચારે કોર.

ઉલ્લાસ સ્ફૂરે પ્રસન્ન વદને
વિહરે જ્યમ જાણે સંસાર

અપૂર્વ દિસે જ્યારે કાયમ
જ્ઞાનોદય ભાગ્ય ફેરવે
સ્થિતિ રહે પણ ભાવ ફરે
તો પરિણતિ પળમાં પલટે

ટેન હોવા મન મનાદુઃખ
ભીણ સમ સોગાતે.

20-11-09

શ્યામ રંગ સમાયો છું અહિં
પરધામ મુક્તિ નો વાટો
ઘનશ્યામ સુંદર ચૈતન્ય રૂપ
સાદ પાડી ને સાંભળે
ઘનઘોર ઘટા ના ગર્ભ માં
પરબ્રહ્મ સહાય આવકારે
શંકા કરી સંસારે
નિશંક ભયે તવ દ્વારે.
જ્ઞાન કહે સંતયોગી સદા
મુમુક્ષ તત્પર જીવવા
શાશંક સદા સંસારે
નિશંક ભયે પરમાત્મા
જ્ઞાનજ ધ્યાનજ સર્વ બહુસાધનજ
લક્ષ્ય લહે નિશંક ભયે
બને અચુક શુદ્ધ આતમા.

20-11-09

સાલોક્યતા પામે મનોદેહે
સાયુજ્ય મુક્તિ હૃદયે સંભવે
આત્મવત્ સર્વ ભૂતેષુ
નમામિ સંસાર સર્વદે.

સંસાર માં પ્રવેશી ને જ
ભક્તિ મુક્તિ સંભવે
સંસાર કોઈ રોગ નહિં
સંસાર દ્વાર ઝગમગે.

દેવો પણ પ્રવેશવા ઉત્સુક
વિમાસણ માં ટોળે મળે
માનવ જીવન ની મહત્તા
મહાદેવ ને પણ મુંઝવે.

સૌનોજન શ્રમણ વડે
ભોતિયો સંસાર નિભરે
શુદ્ધ દૃષ્ટિ શુદ્ધાત્મા
સર્વત્ર સમદૃષ્ટિ કરે.

કારણ્યમૂર્તિ છીએ સંસારે
ક્યારે કશું ખરખર કરે
ભાવના પામ્યો જે હું
તે સર્વ પામ્યો સદા સર્વદા.

૨૦-૧૧-૦૭

રાત્રે ઊંઘે નહી તેમ દિવસે જાગે નહી
આળસના ઘડ્ડા ઘીંગા વરસમાં સાંજે નહી

ઢૂંઢણા ગોખેલાં ફંદ, સાહિત્ય સર્જી
સૂઝે નહી

મનોવેદના વેઠી ઘણી
હ્રદય શૂળ સાલે નહી

માન ભૂલી ભમ્યા ભમરડા,
રડારોળ અટકે નહી

હવે શું? પછી શું?
ના શોંશ્યો નાટકે નહી

અંતરમન ઉજાગર રહે
ભાગ્યવિધાતા અહં અસ્મિ
સ્વયમેવ જવાબદાર,
હરઘડીનો હું હું સાખી

૨૦-૧૧-૦૭

દોષનાં કદિ ગાડા કે હૈલ નો,
દોષ દૃષ્ટિ માંજ હોય.
દૃષ્ટિને દોષ થી હટાવી,
સહેજે નિર્દોષ હોય.

અંતરાયુ સર્વે, પર-ભાવથી,
આવી મળે જીવ ભાવથી
જીવ ભાવ, સ્વ ભાવ થકી
સ્વ-ભાવ અહંકારી ન હોય.

20-11-09

ચૈતન્ય ની પરીભાષા
નિરાકાર નિરાકાર માં અવતરે

ભીતર ભૂતાવળો ના નાશમાં
અચલ યોગાકૃતિ સંભવે
વિલયે સંસાર માં જ
પરમ ચૈતન્ય વિલસે

શ્વાસે શ્વાસે ઉચ્છવાસ
નિરંતર વહે ચૈતન્ય ખાસ
પ્રત્યેક ગ્રાસ ઇન્દ્રીયો આરોગો
દેહ ચૈતન્ય મૂળ ચેતન ને શોધવે

ક્રિયા પ્રત્યેક યોગીની ચાલ
મન વચન કાયામાં સંભવે
નિરિક્ષણ પરિક્ષણ સ્હેમતમ
સંસાર રોગ છૂટી પડે.

વહે અખંડ ચૈતન્ય પૂંજ
તત્વમસિ ખરે તું જ હર.

૨૦-૧૧-૦૭

ઉત્થાન ની ટોંચમાં
સંસાર રંગો પ્રજળી ઉઠે.

મૂંઝવે મન જ્યારે
વિશ્વાસ નો શ્વાસ જાગે.

ભાષા ભેદીઓ ની સિમિત
અનંતજ્ઞાન સદા અપરિમિત

મન ચૈતન્ય નાં માંડવે
જ્ઞાન બિંદુઓ લસલસે.

૨૮-૧૧-૦૭

માંગ્યાનો ના ફેર લગારે
ન માંગ્યાનું ના દુઃખ
ના ભગવાનો ભાર તમારે
ના સંસાર ની આળશોરૂ

હાજરી માત્ર સાચી તમારી
દુઃસ્ય ને ન હું રોય
નિરંતર સત્યાસ્થિરતા લહે
હાજરી માત્ર જ્ઞાન પમરારે

મઝધાર ને જ ભાંગી નાખી
મુક્તતા નો અહેસાસ જગાવે
વિતૃષ્ણી થયો સંસાર સુપેરે
પ્રસન્ન વદન પુલકીત બતાવે.

રાખ એનો જ વિવેક
શિસ્ત, આચાર નો ના આગ્રહ તમારે
શિવ, સત્ય સહજ-સુંદર સમજાવે

મળે એવો કોક જ ક્યારે
જ્ઞાન ઝડપ લઈ હરી ક્યારે આવે

29-11-09

ફાવે તેમ તું આકંદ કરે છે
તું જ તો નિરંજન ભગવાન
જલથલનભ ની ખબર રાખે છે
તું જ તો ભોળા-શંકર ભગવાન

ભૂત ભવિષ્ય વર્તમાન જાણે છે
તું જ તો સર્વાન્તર્યામી બહમાન
ભાગ્ય ઘડે નિર્માણ કરે છે,
ઘડે નાં વગર કરીનાં વિચારે, સમાન

મળે એવો જ્યારે પણ તને
પકડ એજ તારો ભગવાન.

૨૮-૧૧-૦૭

સ્વત્વં ત્યજેત સત્વં ભવેત

સત્વં ત્યજેત સત્યં ભવેત

સત્યં ત્યજેત શીલં પ્રકાયેત

શીલં ભવેત દર્શનમ્ પ્રકાયેત

દર્શનમ્ ભવેત જ્ઞાનમ્ સમેત

૨૧-૧૧-૦૭

આત્માનો દીપ જાગે જ્યારે
કષાયોના ગ્રંથિ ભાંગે ત્યારે
જયકારે જગત પિતાનો તારે
જ્ઞાન ઉજાગર થાય ત્યારે
આગળે , નિરાકારી થયે
સંસાર ક્લેશ ઓગળે ત્યારે
કેવળ સુખ-સંસાર જીવશે
હશે સંસારના ભડાભડ સળગે

કદિય ન પામે કશું કિંચિત
પ્રેમથી સંસાર વિતાવે ત્યારે
સર્વોત્તમ પ્રેમસ્વરૂપ અમિત.

22-11-09

પરાસાત્વિક અણુ નાભિ મુળ વ્યાપિત
પરમ જનેતા ભાસી ઉર્મિ ઉભરાવતી

પરમ ની પ્રાપ્તિ તણાં ઉપાય દર્શાવતી
પ્રાણ-ઉત્થાન, ઈપા, અણુ ઉત્થાન દીત

પશ્ય, પર પરમ પરા નાદો ઉજાગતી
પરમ પરા બીજ તણી માતૃત્વ દર્શાવતી

મૂલાધાર થી નાસિકાગ્રે વર્ણ મંત્રનો ઉપજાવતી
સહસ્ત્રારે ભેદી પરાનંદ ઘન પૂર્ણત્વ પમાડતી

સહજ ~~અસ્તિ~~ સૌન્દર્ય તણું
સહજ આસન
સહજતા જગાવતી.

૨૨-૧૧-૦૭

ભયશાંત ની ભીતિ ભગાવે
સાવજ નું ભગવાન
ભવાંતર માં ભેદ મિટાવે
સામજ નું ભગવાન
ભવભૂખ ભાંગીને જગાવે
અલખ નિરંજન ભગવાન
ભાવ ભેદ મુક્તિ પણ મુકાવે
શણીત ગુરૂ ભગવાન.
ભેરૂ ભય-શાંતનો, સદા સમજાવે
વિજ્ઞાન દાન ભગવાન.

૨૨-૧૧-૦૭

ઉન્મની તું જઈ ભાળી
અપૂર્વ દિસે કુંડકો
તે પોકારી પ્રભાત ઘડી
સાધકો વિસારી વિષાદ.
ઉન્મત્ત થાઓ અતિ ઘણા
સંસારે સર્વ અજાણ.
ફર્યો સઘળા ભડભડ બળે
વ્યવહારે તો ખરો સામર્થ્ય ઠરે.

તાપસ ભલો તું અંતર તપે
બાહર કોઈને લગારે ન જડે
તપસ્યાનું અંતરા ભજીણ
પુણ્ય વિના કાઈપણ ન ફળે
ભલેને સંસારે મુરખ ઠરે.

૩-૧૨-૦૭

ભગાવી ને ચિંતા ના વિચારો
નિષ્ફળતા ની ઠુકરો સહિત
ધરું હું વિચાર આત્મા તણો
રહું ભજન સદા આત્મા સહિત

કેન્દ્રીત કરું મન કિરણોને
પ્રભુ દયાનો સદા મમ હૃદયે
પ્રત્યક્ષ જોઉં સાક્ષાત્કાર તણું
પામું છું જીવન સાર્થક થયું.

૮-૧૨-૨૦

પાંજરમાં પુરાયું મનુ
હવે એવું થાવા દેજો.
મુક્તિ ઉજાસે માનવ બનુ
એવું હવે થાવા દેજો. —

બેપગાં માનવ રોગમાં
માણસ પડે થાવા દેજો
અનંત વિચાર તરંગો માંથી
એક જ વિચાર થાવા દેજો —

ભાગતલ ઠકેર ખારે
તારો વિંધ્યો સોંસરો જાયે
કંઈની કલાપગ નો ફાયદ
ના કદિ શાકર વારે —

નિત્ય એક જ નું ચિંતન
જલ્દી ઉપરામ લાવે
પરમેશ્વર સદા સાર્વત્રિક
જીવન એનું સરળ બનાવે —

25-12-09

ચગામાં પારાહનાં
જીવન માં હવે ન ડંખાવે
સાંભળી સાજન નો સાદ
પીછે હઠ ન સંભવે....

અંતર્યામી સર્વમય વાણી
શૂરતા જ ઝળહળે
દર્શન શુદ્ધિ થતાં વેંત જ
માર્ગ મારો ઝગમગે....

ડગલું ડગેજ ડગે આગવે
મક્કમ નાથી પ્રગારે
નિશ્ચય જ મને પોકારી
મને માર્ગે જ આઘાવે....

મજા મુસાફરી તણી
જય આત્મા નો ગુંજવે
સાવજ બોલી અભિલાતા
ભાન-સંસાર ભુલાવે

૨૮-૧૨-૦૧

આતો આમ જ બની ગયું
સઘળું મૂળમાં જ મળી ગયું

જ્યાંથી જોવાયું ત્યાં જ સર્વે શમી ગયું
જે કાંઈ ઢંકાયું હતું તે સઘળું ઉઘડી ગયું

જ્ઞાનોદય થતાંવેંત જીવન પાંગરી ગયું
મુરઝાયેલું સર્વે સત્વ રોમેરોમ ઠરી ગયું

અટવાયેલું રહસ્ય હૃદયે રિઆસરે જ સમજી ગયું
ગુંચવાયેલું હતું તે સર્વે સરાસર ઉકલી ગયું

નિર્ભય રહે મનનાં દ્વાર ખૂલી ગયું

૨૫-૧૨-૦૯

અંતરંગમાં કારુણ્યતાને
પખાળી ને દૃષ્ટિ ભીંજવાઈ ગઈ
જોઈને સંસાર ની રીત
આંખો અત્યંત શરમાઈ ગઈ

મન ખેતરમાં જો ફૂટ્યું
કેમ આ દુઃખોના ઔષધો નો મર્મ લાગ્યું
ઈરાદાએ જોરથી ધબકીને
શ્વાસ પુરી . ઘા એમજ થાવ.

હાથ બંધાવી અશ્રુઓએ દેખતાં
દુઃખીની પલકોથી અશ્રુબિંદુઓ જોયા સાથે.
હૃદય નાં સ્પંદનો માણીને
લોચનીયા અશ્રુ થી છલકાઈ ગયાં.

૨૮-૧૨-૦૭

સ્મૃતિઓનું સંયોગીપણું
ઘેરાં મનમાં થાય છે.
જાગૃત ઉર્જાનો સંચાર પછી
ક્યાંક - કચુરો ભાગે છે.
આવરાયેલી ઉર્જાનો દ્વારા
ઘટનાક્રમ માં થાય છે.

ઘટનાઘટનાથી માનવી
જડાળ વધુ થાય છે.
સાધક ઉર્જા થી જેની
એની સમાનતા જાણ થાય છે.
મૂલેયૂક થી દૃષ્ટિ સ્તરે
ભાવબળ વધાય છે.
પળમાં પ્રસંગ ગણિએ
કૈંક જન્મો બંધાય છે.

દેહનો ધૂમભાજી અહંકારે
વધુ પડતો ઘેરાય છે.
ભાવબીજ કર્મો તણાં
જન્મ મરણ ખચિત થાય છે.

ભાવ સ્તરે સર્વ સ્તરે સંતર ચિંતન
કુદરત સહાય થાય છે.
સર્વ-મંગલ ભાવે આત્મા,
પરમાત્મામાં સમાય છે.

૨૮-૧૨-૦૧

નાવ ફરશો કોઈ શોક ભગતડાં,
હરિ તમારો તાગ સંભાળે છે.
ભાવ્યા પયગંબરો પયગામ
હરિ તમને દ્યાવે છે.

નાવ રડશો મુઝા પરમે
હરિ ચિંતા હરવા સજે છે
જાતે જ આશકી મર્યા છો સવે,
હરિ સોનુંય મારગ લાવે છે.

ડગમગતાં ડગલાં અવિશ્વાસે,
હરિ ભરોસો લાવે છે.
ભેર મુજાં, ન ગુંચવ અહંકારે,
હરિ ઉકેલ હવે લાવે છે.

૨૮-૧૨-૦૭

— ૪૪ —

જાગીને જોયું ત્યારે સંસાર સવાયો જણાય
કણ કણ પરબ્રહ્મ: ચિંતન પુલકિત હૃદય થાય

લક્ષ્ય અલખ અનામસ્ય રૈ'યે સહેજે થાય
ના દ્વેષ રાગ પ્રત્યે ના રાગ દ્વેષમાં, એમ અચરજ થાય
વિતરાગ-ભયે સબમાં સારૂ સ્વભાવે જણાય
સંસારમાંય સબ સલામત, શ્રદ્ધાળ ઉંચું જાય

પરખ એજ ખરી એની બાકી હોંસા જ જાય
ભમવું ન કદી છરમવેશીથી જીભ સુંવાળો હોય

પામવું પરમતત્વને સહુથી સહેલું જ હોય
પરમ માર્ગમાં ક્યારેય પળોજણ ન હોય

પરમ છે પિતા આપણો નિજ ઘર આપણું જ હોય
ગૃહ પ્રવેશ પરમ પિતાને ત્યાં, નિશ્ચય જ હોય
નિશ્ચય થતાં જ મુસાફરી શાનુ, બેધડક જ હોય.

૨૮-૧૨-૦૭

સ્વયં પાકી પ્રત્યેક જીવ
પકવાન સહુ લઈ જાય રે

અન્યનું ખાવાની આદત,
રાંધ્યા વિના રઝળાય રે

મારું પામવાની આદત,
ગયાં જીવન ઉજાડ રે

પરાવીને ભોગવવાની સ્પૃહા
દુર્ગતિ જાય હારે રે

હિસાબ કર્મોનો પાકે
રોતી સુરત આવે છે રે

મળાજો મોતનો રાજી,
માહ્યસર મોજ માણો જેર

ઈન્દ્રીયોની આગને
સંયમ થી શમાવ રે

શમન કરીને વાસનાનાં પણ
શાંતિ લાવ એની ભીતર

શાંત થયે પરબ્રહ્મ ચિંતવે
પહોંચો પરબ્રહ્મ માંજ

સંગાથ પરબ્રહ્મ સુરનો
અગ્રેસર એનો જ થાય

સંસાર વિષય સર્વ સુખ સાથે
શાંતિ સ્વરૂપ પાગ રહે છે.

૨૧-૧૨-૦૧

૨૫૦

મોત કોઈ મંઝીલ નથી
માત્ર અલ્પ વિરામ -
દેહ પાંચ તત્વો નો મુકી
ભળે તત્વો માં વિશ્રામ -૧

વિશ્રામગૃહ પરમધામ નથી
પરમધામ કશું નક્કી નથી
જો મુસાફર મુક્તિ નો હોય
તો મહત્વ કંઈ ન હોય ---(૨)

લક્ષ એજ પરમ પિતા તારું
અખિલ બ્રહ્માંડ ને જીરે ગારું
માયા ના નગરા માં હું ન હોય
છું આવશે સંતનવાંતો સહાય ---(૩)
મૂળ સ્વરૂપમાં મુકામ મારો
મહાલું નિરંતર મૂળ માંજ ન્યારો...

ભ. ભાનવી

૨૫/૧૨/૦૯

હૃદય ભેદી પ્રાર્થના મારી પ્રભુજી શું આપ
કે તે ન સાંભળે ?

જેમ દાવતી ઝાડીને બાળી દૂરે
તેમ અજ્ઞાન ઝાડીને પરમ પિતા પ્રજાળે.

શિવજટા પર જેમ ગંગા અવતરે
સહસ્ત્રારે પરમ પ્રકાશ પુંજ-ધોધ વહે
જલધોધ વારિ જેમ વમળો સર્જે
પરમ પ્રકાશ તેમ ચક્રશૃંખલા સર્જે.

ઘૂઘવતો સિંધુ જેમ જલ ઝગાઝગે,
પરમ પ્રકાશ તેમ પ્રચંડ ગતી વરે.
જલ શિખરો જેમ જલ ધોધ થી પડે (મોજા)
પરમ પ્રકાશ બિંદુઓ સર્વ શરીર પાવન કરે

૩૧/૧૨/૨૦૦૭ નાં રાત્રે ૧૨=૩૦ વાગ્યે ૧-૧-૨૦૦૮

શરિર-મન પાવન પતિત ઉઠાવન
પરમ પ્રકાશ શુદ્ધ પ્રેમ મન-ભાવન

સંસાર સ્થુલ-સૂક્ષ્મ આવન જાવન
બંધ કરાવન જન કારણ પુંજ જો

મુક્તિ દિલાવન, મોક્ષ કારણ પાસ દિયે
જન પરમ અવતરણ મે દિલ સ્થિર ભયે

મુરલ ગુલાબી જીવન પાવે
ત્રિલોક જન અમર ભયે
સંસાર સુધારે, સંગ સબ આવે
જન પરમ કીર્તન લગાવે
મતસૂફ યે પલ સાથ શરણી,
પતા નહીં ફિર ન આવે.

1-1-08

मेरा मन जीता है मैंने पाया परम प्यार है
मुझे अब नहीं कोई निराशा, इस संसार में।

पाया जो मैंने प्यार बापका ब्रह्मांड के
हुई तृप्ति हर कोश में जब ज्ञान पाया।

मासूम हर एक संसार में रहेगा किसके दरकार
जीवन एक हसीन यात्रा मुझको अब तो समझ आया

ईश्वर ने मुझे मार्ग दिया।
जब दिल आया परम में
सब सलामत का आशीष मिला,
जब दिल ने दिव्य संदेश दिया
जगमगा सब की आत्मा से
संसार पूरा उजियारा।

ऐ दुनिया की जुनूने की ख्वाहिश।
तेरी मजाल क्या तू अपने को खत्म करे
मेरे गिरेबान में झाँक के तू देख
परम सत्य परमेश्वर के सिवा कुछ नहीं
संसार सारा माया में डरा माया में रमा
दुआ मुझे जान, मैं माया में मायातीत हुआ
भावस्पंदन के समन्दर में
मै भावातीत हुआ।
हर दुआ मेरी कुबूल
इसलिए ही शुक्रगुजार हूँ
मेरी दुआ है
सब सुखी, निरोगी शांत बनो।

२-९-०५

શાંતમ્ પાવનમ્ શાંતમ્ માનવ રહો સદા
શાંતમ્ સ્પંદનમ્, શાંતમ્ સાંદક રહો સદા
સ્થિરમ્, સુસ્થિર અચલ મન ચૈતન્ય સદા
નિરીક્ષણમ્ ભાવકમ્ ચૈતન્ય ઊજાગતે સદા

પરીક્ષણ સ્પંદનમ્ મન ચૈતન્ય ડખોળાયે સદા
ડખલ મન ચૈતન્ય રાગદ્વેષ ઉત્પાદિતે સદા
ઇતિ પ્રાણ ચૈતન્ય દુષિતે રોગ ઉપજાવતે સદા
દુષિત પ્રાણચૈતન્ય ભૌતિક દેહ ગદ્દો વિષસમ સદા

સર્વ વ્યાધિ નિવારણે મૂળ સ્વરૂપ ધ્યાવત સદા
સ્વ સ્વરૂપ ધ્યાન સર્વ વિક્ષેપ નિવર્તતે સદા.

૨-૧-૦૫

संसार सारा एक चमन,
कई आत्मा के फूल जिसमें
हर कोई यहाँ बहार का हिस्सा,
सब चरित्र चरितार्थ करे.
न कोई साधु न कोई असुर,
सब में हर एक आत्मा हो
पावन सब की आत्मा हरदम
वंदनीय हर समय में
हर कोई खूबियाँ सब कबूल करे
दूसरे का चरित्र स्वीकार करे.
स्वार्थ में शरीर का ही दायित्व,
क्यों कर्म उसके बेहाल होंगे.
चित्त की संयमता कारण,
अन्य में जो ध्यान करे.
पैदा करके इस मुसीबत,
रोगी सूरत लाभ इलाज करे.
खुद में हर मुसीबत लीजिए,
दुनिया में बदलाव लाये.
ज्ञान प्रगटे तब ही
खुद को खुद का खुदा पावे
तब अंतर में शांति लहे
दूसरों को आबाद करे

3-7-05

માનને સે ખુદ કો સંસાર કા મહેમાન,
આકર્ષણ ન કરે નિયમિત કભી કિંચિત

સ્વાગત ઉસકા જહાન મે કુદરત હૈ મેજબાન
કભી કીન ફરીયાદ ઉસે, હર પલ કા સ્વિકાર

બદલને કી સંસાર કો ન ચાહ ઉસે. ગવાર
સંયોગો કી, સરગમ સે, વો કભી નહી નિરાશ

ખુદ મેં હી ખેલા કરે સારા જહાં ઉસકા બસ મેં દાવ
પ્રકૃતિ કા પરકૃતિ દેખે, માને ખુદ કો ઉસકા દૃષ્ટા
પલ પલ જોડ સમાધિ ઉપજે, નિશ્ચય ખુબ કઠોર
સંયમ પરિણામે સમાધિ, ઉપાધિ સર્વ ભસ્માય સ્વારા

આત્મયજ્ઞ સે સંસાર સમિધ હૈ યહી આત્મ સ્થિત
પૂર્ણજ્ઞાન સોજી સ્વભુતિ અનુભવ પ્રમાણ નિશ્ચિત

૧૦-૧-૦૯

હવે તો આડવાત મૂક પાર ઉતરવાનો છે
ક્ષણિકમાં બધા ભૂતો ભગવાન થવાના છે
જે બનતું થવાનું તે બધું પણ થવાનું છે
એલ કોઈ, કોનું શું કેમ? નાહિંતો છોલ તારો નિષ્ફળ છે
નિષ્ફળ જવાનો છે.

જેનો નથી સંબંધ સુતક કે સ્નાનતણો
વિયોગ નિશ્ચિત છે.

એલ પોક આસક્તિનો
સંસાર ભજ વિધુર થયો છે.

સંસાર સઘળો સંગતી સગાઈ
હૈયે ધારી જે મરવાનો થયો છે.

એત મરદ્દર જીવ, છોડ જ છોડ,
ભાવમરણ થી છેટે જ રહ્યો છે.

સ્વભાન જગાવી, જગત વીસારી,
ભવસાગર પાર થવાના છે.

ન તરછોડ, રજકણને,
મરતામાં જાગીને તે ભગવાન
થવાના છે.

૧૨/૧/૦૯

આત્મા કહો કે પરમાત્મા
જાણો સમાન ધ્રુવી
ધન ભાર એમાં ચૈતન્ય તણા
ગુણભારે ભક્તિ બને
સ્વ ઇચ્છાનો ધનભાર સાર્થમાં
ગુણભારમાં કૈસ નીખરે
ધનભારે અદ્વૈતામૃત અનુભવી
ચૈતન્ય ધારાનું વરેણ
જાણે વિધાતાનું પણ કહેણ
એક અખંડ ચૈતન્ય રૂપ નિજ સ્વરૂપ
પામું અદ્વિતીય વિરામ અનરાધાર
સ્થાન કાળ કેરી મર્યાદા
છોડીને પ્રગટ અનંત.

૩૧-૦૧-૨૦૦૯

નિસ્પંદ પલપલ અનંતાનંત
દિવ્ય પ્રકાશ નિજ-ભાનસ્વયં
અનિષ્ટ-ઈષ્ટ એકાકાર ચૈતન્ય
સ્વયં નિર્ભય અનંત સુક્ષ્મતમ

ના અવરોધ ના નિરોધ નિરંતર
નિજભાવ પ્રચંડ નિરંતર ભાવે
ભાવ ભાવક ભાવ્ય એકજ
અવિનાશી અનંત જય સચ્ચિદાનંદ.

૨૫/૨/૨૦૦૫

હું પરમ ચૈતન્ય છું
હું પરમ શુદ્ધ છું
હું પરમ પવિત્ર છું
હું પરમ નિર્મળ છું
હું પરમ પ્રકાશ છું
હું પરમ દિવ્યજ્યોતિસ્વરૂપ છું
હું સ્ફટિકા છું
હું અવિનાશી છું
હું પરમ ઉલ્લાસ છું
હું પરમ આનંદ છું
હું પરમ નિર્દોષ છું.
હું પરમ શાંતિ છું
હું પરમ ક્ષમા છું
હું પરમ સર્વોચ્ચ છું
હું પરમ સમૃદ્ધિ છું.
~~હું પરમ~~
હું દિવ્ય તારાનું કેન્દ્ર છું.
હું પરમ સંતોષ છું
હું પરમ તૃપ્ત છું.
આખુંય જગત સદાય નિર્દોષ છે.

૨૯/૨/૨૦૨૫

સત્ય શક્તિ પ્રેમના જુદા મહેરબાન
ગુનેગાર નિમિત્તો છે તારો તારણહાર
પરિણામ તારો શણગાર - વૈભવ
ગાઢ તારી મુક્તિ નો પડઘમ.

સિતમગાર ફરે તારું નિરંતર રખેવાળ
ભો ખુદ ભોં ભેગો નિપજે મુક્ત હાસ્ય
નાભિમસ્ફૂરે સહજ જ્યાં પદારથ ગાગરો
સઘળું સદૈવ સુવર્ણમય નિરંતર દિસે

સૌમ્ય શુદ્ધ નિરંતર પવિત્રાત્મા પ્રસારે
સવિતા સહજ અભય અનંત પ્રસરે

૧૭-૩-૨૦૧૬

અય યકિન પ્રેમના ખુદા મહેરબાન
ગુનેગાર નિમિત્તો છે તારો તારણહાર,
પરિત્યાગ તારો અહંકાર - વૈભવ
ત્યાગે તારી મુક્તિ નો પડઘમ.

સિતમગાર કરે તારૂં નિરંતર રક્ષણ
લો ખુદ મોં ભેગા નિપજે મુક્ત હાસ્ય
નાભિમસ્કૂરે, સહજ ક્ષણ પદારથ ઝગઝગો
સઘળું સદૈવ સુવર્ણમય નિરંતર દિસે

સૌમ્ય શુદ્ધ નિરંતર પવિત્રાત્મા પ્રસારે
સર્વત્ર અંતર અભિન્ન અનંત પ્રસરે.

૫-૩-૨૦૧૫

સુવર્ણ શુભ્ર શાલીન સમ્યક નિરંતર
સર્વત્ર પ્રસરતું એક જ અવિચલ તત્વ
ઉદ્દીપ્ત આત્મા તણો જપ સચ્ચિદાનંદ
સમગ્ર વ્યાપ્ત અહૂં કરતો સહચિયં કરવાને
જ્ઞાન પર્જન્ય વર્ષતુ સદા નમિ ઈહ સંસારે
ભવન્તુ સર્વે સુખીનઃ સહાયક પ્રકારે
નિરામય સન્તુ સર્વેણ
ઐશ્વર્યવાન ભવન્તુ
પરમ પ્રકાશ સદા પ્રાપ્ત
ભ્રષ્ટ ભાવ ભવેત

૧/૩/૨૦૨૫

આપો પરમ સૌભાગ્ય અમૃત
આપો પરમ પ્રકાશ અમૃત
આપો પરમ શાંતિ અમૃત
આપો પરમ આરોગ્ય અમૃત
આપો પરમ સૌંદર્ય અમૃત
આપો પરમ પવિત્રતા અમૃત
આપો પરમ કારુણ્ય અમૃત
આપો પરમ સ્વાત્મ દર્શનામૃત અમૃત
આપો પરમ સ્વાત્મ જ્ઞાનામૃત અમૃત
આપો પરમ સંપૂર્ણ વિજ્ઞાનામૃત અમૃત
આપો પરમ જય સચ્ચિદાનંદ અમૃત

તથા ભાવતું.

૨૭/૨/૨૦૨૫